પ્રશ્ન પુસ્તિકાનો પ્રકાર : **A**

# BG-2009

આ પુસ્તિકાના કુલ સોળ પાના છે.

પ્રશ્ન પુસ્તિકાનો નંબર : 122909

જ્યાં સુધી આ પ્રશ્ન પુસ્તિકા ખોલવાની સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.

**મહત્ત્વની સૂચનાઓ :**

1. આ પ્રશ્નપુસ્તિકામાં જીવવિજ્ઞાનના કુલ 40 હેતુલક્ષી પ્રશ્નો આપેલા છે. પ્રત્યેક પ્રશ્નનો 1 ગુણ છે. 1 સાચા પ્રત્યુત્તરનો 1 ગુણ મળશે. પ્રત્યેક ખોટા પ્રત્યુત્તર માટે $1/4$ ગુણ કાપવામાં આવશે. વધુમાં વધુ 40 ગુણ પ્રાપ્ત થઈ શકશે.
2. આ કસોટી 1 કલાકની રહેશે.
3. પ્રશ્નના પ્રત્યુત્તર માટે આપવામાં આવેલ **OMR** ઉત્તર પત્રિકામાં પ્રત્યુત્તર માટેની નિયત જગ્યામાં ફક્ત કાળી શાહીવાળી બોલપેન વડે ● જ કરવું.
4. રફકામ કરવા માટે પ્રશ્ન પુસ્તિકામાં દરેક પાના ઉપર નિયત જગ્યા આપવામાં આવેલી છે, તે જ જગ્યામાં રફકામ કરવું.
5. આ વિષયની કસોટી પૂર્ણ થયા બાદ ઉમેદવારે તેમની ઉત્તર પત્રિકા ખંડ નિરીક્ષકને ફરજિયાત સોંપવાની રહેશે. ઉમેદવાર કસોટી પૂર્ણ થયા બાદ પ્રશ્ન પુસ્તિકા તેમની સાથે લઈ જઈ શકશે.
6. આ પ્રશ્ન પુસ્તિકાનો પ્રકાર (CODE) **A** છે. પ્રશ્ન પુસ્તિકાનો પ્રકાર અને તમોને આપવામાં આવેલ ઉત્તર પત્રિકાનો પ્રકાર સરખા જ હોવા જોઈએ. આ અંગે કોઈ ફેરફાર હોય તો નિરીક્ષકનું તાત્કાલિક ધ્યાન દોરવું, જેથી પ્રશ્ન પુસ્તિકા અને ઉત્તર પત્રિકા સરખા પ્રકાર ધરાવતી આપી શકાય.
7. ઉમેદવાર ઉત્તર પત્રિકામાં ગળ ન પડે, લીટા ન પડે, તે રીતે સાચવીને ઉત્તરો આપવાં.
8. ઉત્તર પત્રિકા પ્રશ્ન પુસ્તિકામાં નિયત કરેલ જગ્યા સિવાય ઉમેદવારે તેમને ફાળવેલ બેઠક નંબર લખવો નહિ કે અન્ય કોઈ જગ્યાએ ઓળખ થાય તેવી નિશાની / ચિન્હો કરવા નહીં. આવું કરનાર ઉમેદવાર સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે.
9. વ્હાઈટ ઈંક લગાડવા માટે પરવાનગી નથી.
10. દરેક ઉમેદવારે પરીક્ષા ખંડમાં પ્રવેશ માટે ખંડ નિરીક્ષકને પ્રવેશપત્ર બતાવવું જરૂરી છે.
11. કોઈપણ ઉમેદવારને અપવાદ રૂપ સંજોગો સિવાય પરીક્ષાખંડ છોડવાની પરવાનગી મળશે નહીં. આ અંગેની પરવાનગી ખંડ નિરીક્ષક-સ્થળ સંચાલક સંજોગો ધ્યાને લઈને આપશે.
12. ઉમેદવાર ફક્ત સાદુ ગણનયંત્ર વાપરી શકશે.
13. દરેક ઉમેદવારે પરીક્ષાખંડ છોડ્યા પહેલા ઉત્તર પત્રિકા ખંડ નિરીક્ષકને સોંપી ઉત્તર પત્રિકા પરત કર્યા બદલની સહી પત્રક - 01 (હાજરી પત્રક) માં કરવાની રહેશે. જો ઉમેદવારે ઉત્તર પત્રિકા આપ્યા બદલની સહી પત્રક - 01 માં કરેલ નહિ હોય, તો ઉત્તર પત્રિકા આપેલ નથી તેમ માનીને ગેર રીતિનો કેસ નોંધવામાં આવશે.
14. દરેક ઉમેદવારે પરીક્ષા માટેના બોર્ડ દ્વારા બહાર પાડેલ નિયમો અને બોર્ડના નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. દરેક પ્રકારના ગેરરીતિના કેસોમાં બોર્ડના નિયમો લાગુ પડશે.
15. કોઈપણ સંજોગોમાં પ્રશ્ન પુસ્તિકા - ઉત્તર પુસ્તિકાનો કોઈ ભાગ જુદો પાડવો નહીં.
16. ઉમેદવારે પત્રક - 01 (હાજરી પત્રક) અને પ્રવેશપત્રમાં પ્રશ્ન પુસ્તિકા અને ઉત્તર પુસ્તિકા ઉપર છાપેલ પ્રકાર લખવાનો રહેશે.

ઉમેદવારનું નામ : ..................................................

પરીક્ષા બેઠક નંબર : (અંકમાં) ...................... (શબ્દોમાં) ..............................

પરીક્ષા કેન્દ્રનું નામ : .............................. પરીક્ષા કેન્દ્ર ક્રમાંક : ....................

પ્રશ્ન પુસ્તિકાનો પ્રકાર : ........................ પ્રશ્ન પુસ્તિકાનો નંબર : ....................

*Candidate's Sign.* .............................. *Block Supt. Sign.* ..............................

907-A

S

Student Bro

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# BIOLOGY

1. પર્ણ રંધ્રની રચનામાં નીચેના પૈકી કયા કોષો સંકળાયેલા નથી?

   (A) રક્ષક કોષો  (B) દઢોતક કોષો

   (C) સહાયક કોષો  (D) અધિસ્તરના કોષો

2. જ્યારે રક્ષકકોષોમાં દ્રાવ્ય પદાર્થોનું સંકેન્દ્રણ ઘટે, ત્યારે રક્ષકકોષોમાં શું થાય?

   (A) આસૃતિ દાબ વધે  (B) જલ ક્ષમતા વધે

   (C) જલ ક્ષમતા ઘટે  (D) આપેલ કોઈ ઘટના ન બને

3. નીચેના પૈકી કયો મુદ્દો સામૂહિક વહન સિદ્ધાંતને લાગુ પડે છે?

   (A) પાણીના જથ્થાના શોષણની સાથે મોટા જથ્થામાં આયનો પણ શોષણ પામે છે.

   (B) પાણીના શોષણ માટે જવાબદાર ઉત્સ્વેદન દાબ આયનોના શોષણ માટે જવાબદાર છે.

   (C) જેમ શોષણ દાબ વધે છે તેમ શોષણ વધે અને પાણી સાથે આયનોનું શોષણ વધે છે.

   (D) આપેલા બધા જ.

(Space for Rough Work)



Student Bro
Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. નીચે આપેલમાંથી કઈ પ્રક્રિયા NAD ના રીડક્શન સાથે સંકળાયેલ નથી?

(A) પાયરૂવિક એસિડ → એસિટાઈલ કો. એન્ઝાઈમએ

(B) આઈસોસાઈટ્રીક એસિડ → $\alpha$- કીટો ગ્લુટેરિક એસિડ

(C) સકસિનીક એસિડ → ફ્યુમારિક એસિડ

(D) મેલિક એસિડ → ઓક્ઝેલો એસેટીક એસિડ

5. શ્વસન અને પ્રકાશ સંશ્લેષણ બંને ક્રિયા માટે જરૂરી ઘટક કયો છે?

(A) યુબી ક્વીનોન (B) રૂબિસ્કો

(C) સાયટોક્રોમ (D) પ્લાસ્ટો સાયેનીન

6. ગ્લુકોઝના 30 અણુઓના નિર્માણ માટે કેટલા કેલ્વિન ચક્ર જરૂરી છે?

(A) 30 (B) 60

(C) 90 (D) 15

7. 3 ગ્લુકોઝના અણુઓના ગ્લાયકોલિસિસ દ્વારા કેટલા PGAL અણુ પ્રાપ્ત થાય અને આ પ્રાપ્ત થયેલા PGAL માંથી શ્વસન દરમ્યાન $CO_2$ અને $H_2O$ બને ત્યાં સુધી ATP ના કુલ કેટલા અણુ પ્રાપ્ત થાય?

(A) 4 PGAL - 40 ATP (B) 4 PGAL - 80 ATP

(C) 6 PGAL - 120 ATP (D) 6 PGAL - 160 ATP

---

**(Space for Rough Work)**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8. કયો ઉત્સેચક મધ્યાંત્રમાં એમીનો એસિડ ધરાવતા પદાર્થના પાચન માટે જરૂરી છે?

(A) ટ્રિપ્સીન
(B) કાયમોટ્રિપ્સિન
(C) પેપ્ટીડેઝ
(D) પેપ્સીન

9. નીચેનામાંથી કોણ શ્વાસ (inhalation) ની ક્રિયા દરમ્યાન ઉરસગુહાનો વિસ્તાર વધારે છે?

(A) પાંસળીપિંજરનું નીચે અને અંદર તરફ ખસવું.
(B) પાંસળીપિંજરનું ઉપર અને બહાર તરફ ખસવું.
(C) પાંસળીપિંજરનું અંદર અને ઉપર તરફ ખસવું.
(D) પાંસળીપિંજરનું બહાર અને નીચે તરફ ખસવું.

10. પાચિત ઘટકોને જીવરસીય ઘટકોમાં ફેરવવાની ક્રિયા કઈ?

(A) ભૌતિક પાચન
(B) અભિશોષણ
(C) સ્વાંગીકરણ
(D) રાસાયણિક પાચન

પ્રાપ્ત
ગુ પ્રાપ્ત

11. નીચેનામાંથી કયો સજીવ કોષીય તથા કોષ બાહ્ય પાચન દર્શાવે છે?

(A) પ્લેનેરિયા
(B) પેરામિશિયમ
(C) અળસિયું
(D) આપેલા બધા જ

(Space for Rough Work)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

12. નીચેના પૈકી ગ્રીવા ચેતાઓ અને ગ્રીવા કશેરૂકાઓની સંખ્યા અનુક્રમે કઈ સાચી છે?

(A) 7 અને 7 (B) 8 અને 7

(C) 7 અને 16 (D) 16 અને 7

13. માનવ રૂધિરવાહિનીનું મધ્ય આવરક (tunica media) નિમ્નલિખિત શાનું બનેલું હોય છે?

(A) પિતતંતુઓ અને અરેખિત સ્નાયુ.

(B) કોલાજનતંતુઓ અને અરેખિત સ્નાયુ.

(C) પિતતંતુઓ અને રેખિત સ્નાયુ.

(D) લાદિસમ અધિચ્છદ અને રેખિત સ્નાયુ.

14. વંદાના રૂધિર પરિવહન તંત્રના સંદર્ભમાં કયું વિધાન સાચું છે?

(A) તે વક્ષબાજુએ આવેલ છે. અને તેના હૃદયમાં ઉદરીય પ્રદેશમાં તેર ખંડો આવેલા છે.

(B) તે પૃષ્ઠબાજુએ આવેલ છે. અને તેના હૃદયમાં ઉદરીય પ્રદેશમાં તેર ખંડો આવેલા છે.

(C) તે પૃષ્ઠબાજુએ આવેલ છે. અને તેના હૃદયમાં દસ ઉદરીય ખંડો આવેલા છે.

(D) તે વક્ષબાજુએ આવેલ છે. અને તેના હૃદયમાં દસ ઉદરીય અને ત્રણ ઉરસીય ખંડો આવેલા છે.

Student Bro

(Space for Rough Work)

15. આ

"a

(A)

(C)

16. માન

(A)

(B)


(C)

(D)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**15.** આપેલ આકૃતિમાં "a" શું દર્શાવે છે?




(A) રીનલ પિરામિડ

(B) મૂત્રપિંડ મજ્જક

(C) મૂત્રપિંડ નિવાપ

(D) મૂત્રપિંડ બાહ્યક

**16.** માનવનાં શ્વેતકણના પ્રમાણનાં (ટકાવારી પ્રમાણે) ઊતરતા ક્રમ માટે તે સાચું છે.

(A) તટસ્થકણ → એકકેન્દ્રીકણ → લસિકાકણ → અમ્લરાગીકણ → અલ્કલરાગીકણ.

(B) તટસ્થકણ → લસિકાકણ → એકકેન્દ્રીકણ → અમ્લરાગીકણ → અલ્કલરાગીકણ.

(C) તટસ્થકણ → અમ્લરાગીકણ → અલ્કલરાગીકણ → લસિકાકણ → એકકેન્દ્રીકણ.

(D) તટસ્થકણ → અલ્કલરાગીકણ → લસિકાકણ → અમ્લરાગીકણ → એકકેન્દ્રીકણ.

વેલા છે.

(Space for Rough Work)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

17. **વિધાન – "A"** : વિધ્રુવીકરણ અવસ્થામાં ચેતાતંતુના રસસ્તરની બહારનીબાજુ ધનભાર તથા અંદરની બાજુએ ઋણભાર હોય છે.

**કારણ – "R"** : વિધ્રુવીકરણ અવસ્થામાં ચેતાતંતુના રસસ્તરની સોડિયમ આયન માટેની પ્રવેશશીલતા વધતી હોવાથી રસસ્તરમાંથી $Na^+$ બહાર જાય છે અને $K^+$ અંદર આવે છે.

ઉપરોક્ત વિધાન "A" અને કારણ "R" માટે નીચેનો કયો વિકલ્પ સાચો છે?

(A) "A" અને "R" બંને સાચા છે. અને "R" એ "A" ની સાચી સમજૂતી આપે છે.

(B) "A" અને "R" બંને સાચા છે. અને "R" એ "A" ની સાચી સમજૂતી નથી.

(C) "A" સાચું છે પણ "R" ખોટું છે.

(D) "A" તથા "R" બંને ખોટા છે.

18. પિતબિંદુ શું છે?

(A) ,મધ્યપટલનો એ ભાગ છે જ્યાં ફક્ત શંકુકોષો આવેલા હોય છે.

(B) તે નેત્રપટલનો એ ભાગ છે જ્યાં ફક્ત દંડકોષો જ આવેલા છે.

(C) તે નેત્રપટલનો એ ભાગ છે જ્યાં ફક્ત શંકુકોષો જ આવેલા હોય છે.

(D) તે નેત્રપટલનો એ ભાગ છે જ્યાં કોઈપણ સંવેદનશીલ કોષો આવેલા નથી.

19. નીચેનું કયું વિધાન પેરાથોર્મોન નામના અંતઃસ્રાવની અસરના સંદર્ભમાં સાચું નથી?

(A) તે રૂધિરમાં $Ca^{+2}$ નું પ્રમાણ ઘટાડે છે.

(B) તે અસ્થિ વિનાશક કોષોની પ્રવૃત્તિને ઉત્તેજે છે.

(C) તેના અભાવમાં શરીર સતત સ્નાયુ સંકોચનના કારણે ધ્રુજતું રહે છે.

(D) તે આંત્રમાર્ગ દ્વારા કેલ્શિયમના શોષણને ઉત્તેજે છે.

**(Space for Rough Work)**

20. નીચે
(A)
(B)
(C)
(D)

21. તે પ્રક
(A)
(C)

22. ડ્રોસેરા
(A)
(C)

23. એક દ્વિ
(A)
(C)



Student Bro

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


FREE!
JEE & NEET
GUJCET
ગુજરાતી - - English - - हिन्दी
• PYQ Mock Test
• Chapter & Topic-Wise PYQs (Updated 2026)
• NCERT Line by Line MCQs.
• AR, Statement, Diagram Based Questions.
• Detailed Step-by-Step Solutions
ExamBro
Preparing for Medical
Preparing for Engineering
# Exam Bro
CLICK HERE!
Download Now
EXAMBRO
For Students
Questions by Chapter
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
Toolbox
NCERT Line by line
AR & Statement
Diagram
Chapter wise PYQ
View All
PYQ Mock Tests
Join Online Mock Tests
Chapter AI
Your Smart Learning Assistant for Every Chapter
Home
Tests
My Exams
Profile

તથા અંદરની

પ્રવેશશીલતા

20. નીચેનું કયું વિધાન અંતઃસ્રાવ માટે સાચું નથી?
   (A) તેઓ જૈવરસાયણિક પ્રક્રિયાને ઉત્તેજે અથવા અવરોધે છે.
   (B) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેઓ ફરીથી પ્રાપ્ત થતા નથી.
   (C) માનવનો પ્રત્યેક અંતઃસ્ત્રાવ રસાયણિક દૃષ્ટિએ પ્રોટીન છે.
   (D) અંતઃસ્રાવ સીધા રૂધિરમાં ભળે છે.

21. તે પ્રકાશની ગેરહાજરીમાં વધુ ઉત્પન્ન થતાં વનસ્પતિ અંતઃસ્રાવની અસર છે.
   (A) બીજની સુષુપ્તતા પ્રેરે
   (B) બીજરહિત ફળોના વિકાસને અવરોધે
   (C) આંતર-ગાંઠનું લંબાઈમાં વધવું
   (D) પર્ણરંધ્ર બંધ કરે

22. ડ્રોસેરામાં કિટકના સ્પર્શને'કારણે પર્ણોનું વળી જવું, આ ઘટના કઈ કહેવાય?
   (A) થિગ્મોનેસ્ટી
   (B) ફોટોનેસ્ટી
   (C) થર્મોનેસ્ટી
   (D) હાઈડ્રોનેસ્ટી

23. એક દ્વિકીય માદાછોડનું ચતુષ્કીય નરછોડ સાથે સંકરણ કરતા ઉત્પન્ન થતું ભ્રૂણપોષ કેવા પ્રકારનું હશે?
   (A) ચતુષ્કીય
   (B) ત્રિકીય
   (C) દ્વિકીય
   (D) પંચકીય

**(Space for Rough Work)**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

24. સ્ત્રીમાં અંડપિંડમાંથી અંડકોષ વિકાસના કયા તબક્કામાં હોય, ત્યારે છૂટા પડે છે?

(A) દ્વિતીય પૂર્વ અંડકોષ (B) પ્રાથમિક પૂર્વ અંડકોષ

(C) પરિપક્વ અંડકોષ (D) આદિ અંડકોષ (Oogonia)

25. શુક્રકોષો ક્યાં પરિપક્વ બને છે?

(A) અધિવૃષણ નલિકા (B) શુક્રાશય

(C) શુક્રવાહિકા (D) શુક્રોત્પાદક નલિકા

26. અસંગત યુગ્મ કયું છે?

(A) હાઈપોથેલેમસ - FSH (B) કોર્પસ લ્યુટિયમ – પ્રોજેસ્ટેરોન

(C) શુક્રાગ્ર – હાયેલ્યુરોનિડેઝ (D) આંતરાલીય કોષો – ટેસ્ટોસ્ટેરોન

27. સ્ત્રીઓમાં બાહ્ય સહાયક પ્રજનન અંગોનું જૂથ કયું છે?

(A) ગૌણ ભગોષ્ઠ, મુખ્ય ભગોષ્ઠ, અંડવાહિની

(B) ગૌણ ભગોષ્ઠ, મુખ્ય ભગોષ્ઠ, યોનિમાર્ગ

(C) ગૌણ ભગોષ્ઠ, મુખ્ય ભગોષ્ઠ, ગ્રીવા

(D) ગૌણ ભગોષ્ઠ, મુખ્ય ભગોષ્ઠ, ભગ્નશિશ્નિકા

28. પરોપજીવિ

(A) માં

(C) ચાં

29. નીચે આપે

(A) 3

(C) 7

30. પરિસ્થિતિ

(A) જ

(C) પ્રા

31. નીચે આપે

(A) ન

(C) મૂ

32. નીચે આપે

(A) થો

(C) કુંવ

(Space for Rough Work)

Student Bro



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

28. પરોપજીવિતાના આધારે અલગ પડતું ઓળખી બતાવો.

(A) માંકડ
(B) જૂ
(C) ચાંચડ
(D) પ્લાઝમોડીયમ

29. નીચે આપેલમાંથી કઈ વનસ્પતિના પાયા પાસે મજબૂત આધાર રચનાઓ (બટ્રેસીસ) હોય છે?

(A) 3 - 5 મીટર ઊંચા વૃક્ષ
(B) 5 - 7 મીટર ઊંચા વૃક્ષ
(C) 7 - 10 મીટર ઊંચા વૃક્ષ
(D) 15 મીટર કે તેથી વધુ ઊંચા વૃક્ષ

30. પરિસ્થિતિ વિદ્યાકીય અનુકૂલનો શેને પરિણામે જળવાયા હોય છે?

(A) જનીનોનું પ્રત્યાંકન
(B) જનીનોનું સંશ્લેષણ
(C) પ્રાકૃતિક પસંદગી
(D) જનીનોનાં સ્થળાંતરણ

31. નીચે આપેલમાંથી ક્યું અનુકૂલન જલોદ્‌ભિદ્ વનસ્પતિનું મુખ્ય અનુકૂલન છે?

(A) નબળું મૂળતંત્ર
(B) મોટાં પર્ણો
(C) મૂળગોહ ધરાવતા મૂળ
(D) વાયુતક પેશીની હાજરી

32. નીચે આપેલમાંથી કઈ વનસ્પતિનું મૂળતંત્ર જમીનમાં ખૂબ ઊંડે ઊતરી જલસમતલ સુધી પહોંચે છે?

(A) થોર
(B) એકવર્ષાયુ ઘાસ
(C) કુંવારપાઠું
(D) પ્રોસોપિસ

(Space for Rough Work)



Student Bro
Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

33. વિધાન 'X' :

DDT જૈવિક વિશાલન દર્શાવે છે.

વિધાન 'Y' :-

UV કિરણો ઓઝોન સ્તરનું વિઘટન પ્રેરે છે.

નીચે આપેલમાંથી કયો વિકલ્પ 'X' અને 'Y' માટે સત્ય છે?

(A) 'X' અને 'Y' બન્ને સત્ય છે અને 'Y' એ 'X' માટે યોગ્ય સમજૂતી છે.

(B) 'X' અને 'Y' બન્ને સત્ય છે પરંતુ 'Y' એ 'X' માટે યોગ્ય સમજૂતી નથી.

(C) 'X' સત્ય છે પરંતુ 'Y' અસત્ય છે.

(D) 'X' અસત્ય છે અને 'Y' સત્ય છે.

34. નીચેના પૈકી કયો વિકલ્પ ચિંતા-વર્તન સમસ્યાને લાગુ પડતો નથી?

(A) વ્યક્તિ કોઈપણ તણાવની સ્થિતિ પ્રત્યે અકુદરતી રીતે તીવ્ર પ્રતિભાવ આવે છે.

(B) વ્યક્તિને પરસેવો થાય છે.

(C) વ્યક્તિના હૃદયના ધબકારા વધી જાય છે.

(D) વિચારોમાં વિકૃતિ.

(Space for Rough Work)

35.

36.



Student Bro
Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

35. વિધાન 'X' :-

વૈશ્વિક તાપમાનના વધારા માટે વનકટાઈ એક જવાબદાર પરિબળ છે.

વિધાન 'Y' :-

વનકટાઈ વાતાવરણના એક મહત્ત્વના ગ્રીન હાઉસ વાયુ-$CO_2$ ના પ્રમાણમાં વધારો કરે છે.

નીચે આપેલમાંથી કયો વિકલ્પ 'X' અને 'Y' માટે યોગ્ય છે?

(A) 'X' સાચું છે અને 'Y' ખોટું છે.

(B) 'X' અને 'Y' બન્ને સાચા છે પરંતુ 'Y' એ 'X' માટે યોગ્ય સમજૂતી નથી.

(C) 'X' અને 'Y' બન્ને સાચા છે અને 'Y' એ 'X' માટે યોગ્ય સમજૂતી છે.

(D) 'X' અને 'Y' બન્ને ખોટાં છે.

36. નીચે આપેલ વિગતોને ભૂ-ક્ષરણ માટે જવાબદાર વિગત તરીકે ઊતરતા ક્રમમાં ગોઠવો.

*(i)* પવન દ્વારા ભૂ-ક્ષરણ

*(ii)* રાસાયણિક વિઘટન

*(iii)* ભૌતિક વિઘટન

*(iv)* જલક્ષરણ

(A) *(i)* → *(ii)* → *(iii)* → *(iv)*

(B) *(iv)* → *(i)* → *(ii)* → *(iii)*

(C) *(iv)* → *(iii)* → *(ii)* → *(i)*

(D) *(iv)* → *(ii)* → *(iii)* → *(i)*

(Space for Rough Work)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

37. રિકોમ્બિનન્ટ DNA પદ્ધતિમાં નીચે આપેલમાંથી શું વપરાય છે?

(A) વાઈરસ

(B) વાઈરસની કોષદિવાલ

(C) વાઈરસનું કેપ્સિડ

(D) વાઈરસના કેપ્સિડના સંશ્લેષણ માટે જવાબદાર જનીન

38. એક કોષજન્ય પ્રોટીન શું છે?

(A) ચામડીના કોષ દ્વારા સંશ્લેષિત પ્રોટીન

(B) સ્નાયુકોષ દ્વારા સંશ્લેષિત એક પ્રોટીન

(C) યકૃત કોષ દ્વારા સંશ્લેષિત એક પ્રોટીન

(D) સૂક્ષ્મજીવો દ્વારા સંશ્લેષિત પ્રોટીન

39. એન્ટિજનિક નિર્ણાયક એ એન્ટિજન જોડાણ સ્થાનથી કેવી રીતે જુદું પડે છે?

(A) તેના સ્થાન મુજબ

(B) તેની રચનાથી

(C) તેના કાર્ય દ્વારા

(D) આપેલા બધા જ

40. ઈમ્યુનો મોડ્યુલેટર્સ માટે નીચે આપેલમાંથી કયું વિધાન સત્ય છે?

(A) તે હંમેશા રોગપ્રતિકારકતંત્રને સક્રિય કરે છે.

(B) તે હંમેશાં રોગપ્રતિકારકતંત્રને નિષ્ક્રિય બનાવે છે.

(C) કેટલાક નિશ્ચિત ઈમ્યુનો મોડ્યુલેટર્સ પ્રતિરક્ષા પ્રતિચારને ઉત્તેજે છે. જ્યારે અન્ય કેટલાક ઈમ્યુનો મોડ્યુલેટર્સ પ્રતિરક્ષા પ્રતિચારને અવરોધે છે.

(D) તે ક્યારેય રોગપ્રતિકારક તંત્રને નિષ્ક્રિય બનાવતા નથી.

(Space for Rough Work)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


FREE!
JEE & NEET
GUJCET
ગુજરાતી - - English - - हिन्दी
• PYQ Mock Test
• Chapter & Topic-Wise PYQs (Updated 2026)
• NCERT Line by Line MCQs.
• AR, Statement, Diagram Based Questions.
• Detailed Step-by-Step Solutions
ExamBro
Preparing for Medical
Preparing for Engineering
# Exam Bro
CLICK HERE!
Download Now
EXAMBRO
For Students
Questions by Chapter
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
Toolbox
NCERT Line by line
AR & Statement
Diagram
Chapter wise PYQ
View All
JEE Mains
NEET
GUJCET
2026 Qs ADDED
NEW
PYQ Mock Tests
Join Online Mock Tests
Chapter AI
Your Smart Learning Assistant for Every Chapter
Home
Tests
My Exams
Profile
ExamBro